# શ્રી કાદિયા નાના પ્રાથમિક શાળા

## કન્યા કેળવણી મહોત્સવ : ૨૦૨૩-૨૪ દરમ્યાન કાર્યક્રમનું સ્વરૂપ

વર્ષ 2024-25 ના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત અમારી શાળામાં પધારેલ મહેમાનશ્રી સી.આર.સી. સાહેબ

તથા કાદીયા-નાના પ્રાથમિક શાળાના એસ.એમ.સી.અધ્યક્ષ શ્રી પિત્રોડા શિવલાલ જેરામભાઈ ,એસ.એમ.સી.ના સભ્યો, ગામના માજી સરપંચ શ્રી યાદવ મંગેશભાઈ,સર્વે ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ, સર્વેનું શ્રી કાદિયા નાના પ્રાથમિક શાળામાં હાર્દિક સ્વાગત છે.

પોતાના જીવનમાં શિક્ષણના પગથિયે પહેલી પગલી માંડતા ભૂલકાઓનો આગવો અવસર એટલે પ્રવેશોત્સવ. દર વર્ષે આપણા સ્વર્ણિમ ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણમાં 100 ટકા નામાંકન અને કન્યા કેળવણીના ધ્યેયને સિદ્ધ કરવા માટે આ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવે છે.

શાળા પ્રવેશોત્સવ એ શાળાનો નહીં પરંતુ સમગ્ર ગામનો ઉત્સવ છે. આજે આ પવિત્ર પ્રસંગે બાલવાટિકામાં આગમન પ્રારંભે આપણો પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત કરીએ.

**(૧)**દીપ પ્રાગટ્ય

“જાત બાળીને ખુદની દે છે ઉજ્જવળ પ્રકાશ
ધન્ય ધન્ય એ દીપ ને દિવ્ય જીવનમાં વાસ”

આજના પાવન અવસરની શરૂઆત આવેલા મહેમાનો સાથે દીપ પ્રાગટ્યથી કરીશું. આપણા આજના કાર્યક્રમને પ્રકાશિત કરવા હું મંચસ્થ મહેમાનોને વિનંતી કરું કે તેઓ અમારી શાળામાં આજનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને દીપ પ્રાગટ્યથી ખુલ્લો મૂકે.

દીપ પ્રાગટ્ય કરવા માટે તમામ મહેમાનો નો ખુબ ખુબ આભાર.....

**(૨)**પ્રાર્થના

આપણને મનુષ્ય અવતાર મળ્યો તે જ એક ગૌરવની વાત છે મનુષ્ય માટે કોઈ પણ બાબત એવી નથી કે જે શક્ય ન હોય તો મનુષ્યને

લગતી આવી જ એક પ્રાર્થના રજુ કરશે અમારી શાળાની બાળાઓ જેના શબ્દો છે મનુષ્ય તુ બડા મહાન હૈ...

ખુબ ખુબ આભાર બહેનો

...

**(૩)**આચાર્ય સાહેબનું શાબ્દિક સ્વાગત **:**
હવે અમારી શાળાના આચાર્યશ્રી રાણા સાહેબ ને વિનંતી કરું કે પ્રવેશોત્સવમાં પધારેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરે.

આભાર સાહેબ...

**(૪)** મહેમાનોનું પુસ્તક દ્વારા સ્વાગત **-** પરિચય

"મહેમાનોના વધામણા દિલથી અમે આપીએ
સ્વાગત કરી અહીં, તમને અમે નવાજીએ
આપણે રૂડી-રૂડી, રંગોળી અમે પુરાવીએ
આપણે સાથે મળી, આ અવસરને દીપાવીએ"

તો આજે પધારેલ મહેમાનોનું પુસ્તક આપી બાળકો દ્વારા સ્વાગત કરીએ.
મહેમાનશ્રીઓ.
1)
2)
3)
4)
5)

**(૫)** પ્રવેશોત્સવ કાર્યક્રમ **(**૧૫ મિનીટ**)**

નામાંકન વિધિ **:-**

નાની-નાની પા..પા..પગલી આજે આ શાળાના ચોગાનમાં પડવાની છે. જેમના મીઠા અને માસુમ કલરવથી આ શાળાને એક રંગીન વાતાવરણ મળવાનું છે. જેના જીવનમાં શિક્ષણનું પ્રથમ સોપાન કંડારવા જઈ રહ્યું છે તેવા પ્રવેશ મેળવતા આજે બાળકોને હુંફ થી આપણે વધાવીએ અને આપના શિક્ષણનાં રંગે રંગાવીને શિક્ષણનાં ભગીરથ કાર્યમાં જોડી દઈ એક નુતન પેઢી ઘડીએ.

તો મહેમાનોને વિનંતી છે કે આજે તેઓ જે શુભ આશયથી જે શુભકાર્ય કરવા આવ્યા છે તે પોતાના વરદ હસ્તે આ પુણ્યનું કાર્ય કરી નાના બાળકોને શુભ શિક્ષણ પ્રવેશ કરાવે.

- આંગણવાડી ના બાળકોનો પ્રવેશ

અત્રે ઉપસ્થિત સાહેબશ્રી ને વિનંતી કે તેઓ આંગણવાડી ના બાળક ને પ્રવેશ આપે.

- બાલવાટિકા ના બાળકોનો પ્રવેશ

ત્યારબાદ અમારી શાળામાં બાલવાટિકામાં નાના નાના ભૂલકા પ્રવેશ પામી રહ્યા છે તેઓને કીટ આપી પ્રવેશ આપીએ.

આભાર મહાનુભાવોનો કે પોતાના શુભ હસ્તે આ નાના ભૂલાકાની શિક્ષણ સફરને પ્રસ્થાન કરાવવાનો.

**(૬)** વિદ્યાર્થીનું વકતવ્ય **:**

શબ્દ એ આ સંસારની કોમળ ચીજ છે ત્યારે જ કોઈ કવિએ ભાગ્યશાળી હૃદય માટે કહ્યું છે કે "મળે છે શબ્દોની જાગીર ભાગ્યવંતોને" આવા નીખારની વાત જ કે અનોખી હોય છે. અત્રે આ પ્રવેશોત્સવ પ્રસંગે અમારી શાળાની ધોરણ ૭ ની  વિદ્યાર્થીની બળિયા દિશા નરસિંહભાઈ પર્યાવરણીય સ્વાસ્થ્ય વિષય પર વૃક્ષોના મહત્વ વિશે વક્તવ્ય આપશે. દિશા ને વિનંતી કે તે સ્પીચ બોક્સ પર આવી પોતાનું વક્તવ્ય આપે.

ખુબ ખુબ આભાર**....**

ત્યારબાદ અમારી શાળાનો ધોરણ-૭ નો વિદ્યાર્થી બળીયા કિશન દેવજીભાઈ યોગના મહત્વ વિશે વક્તવ્ય આપશે તો હું કિશનને વિનંતી કરું કે તે વક્તવ્ય રજૂ કરે.

ખુબ ખુબ આભાર**....**

**(૭)** વિદ્યાર્થીનું સન્માન

"કલ્પના  કી દુનિયા હર કોઈ બનાતા હૈ
લેકિન પાતા વહી હૈ, જો તકદીર લેકે આતા હૈ"

હવે અમારી શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ જે આ શાળાના ચમકતા સિતારા છે, જેઓ આ ગામ તથા શાળાનું ગૌરવ છે, જેવો પ્રથમ ક્રમે આવેલા છે તેમનું સ્વાગત  અત્રે ઇનામ આપીને કરવામાં આવશે.

- (ધોરણ : -૩) ૧. જાડેજા નીયતીબા શક્તિસિંહ
- (ધોરણ : -૪) ૧. વૈષ્ણવ યશસ્વી મેહુલભાઈ
- (ધોરણ : -૫) ૧.ગરોડા પરમીત હરીલાલ
- (ધોરણ : -૬) ૧.બળિયા દિશા નરસિંહભાઈ
- (ધોરણ : -૭) ૧.બળિયા જીલ ધીરજભાઈ

□ (ધોરણ:-૮)  ૧.રાણા યુક્તાબા ધર્મેન્દ્રસિંહ

□ વિજ્ઞાનમેળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનું સન્માન

સી.આર.સી કક્ષા એ ભાગ લીધેલ વિદ્યાર્થીઓનું સન્માન પેડ-પેન અને નોટબુક આપી કરીશું.

૧. રાણા યુક્તાબા ધર્મેન્દ્રસિંહ
૨ . બળિયા દિશા નરસિંહભાઈ

તાલુકા કક્ષા એ ભાગ લીધેલ વિદ્યાર્થીઓનું સન્માન પેડ-પેન અને નોટબુક આપી કરીશું.

૧. બળિયા જીલ ધીરજભાઈ
૨. બળિયા હિમાંશી દેવજીભાઈ

□ વક્તવ્ય આપનાર વિદ્યાર્થીનું સન્માન

સરસ મજાનું બધાની સમક્ષ વક્તવ્ય આપવા બદલ આપણે તેમનું સન્માન કરીશું.

૧. બળીયા કિશન દેવજીભાઈ
૨. બળિયા દિશા નરસિંહભાઈ

**(૮)** દાતાશ્રીઓનું સન્માન **:**

દાતાઓ સમાજની શોભા અને ગામનું આગવું ગૌરવ છે. આવા પુણ્યશાળી હૃદય શાળાને સમાજને અવાર - નવાર રીતે મદદ કરી જાય છે.ત્યારે તેઓનું પણ સન્માન કેમ કરી ચૂકાય...હવે આપણે દાતાનું સન્માન કરીશું.

૧.
૨.
3.

**(૯)** પ્રેરક ઉદબોધન **: -**

"દુ:ખની ઉડાડે ધૂળ તે શેતાન હોય છે.
સુખનું વહાવે ઝરણું, તે ભગવાન હોય છે
બંનેનો મેળ શોધી જે નીપજાવે જીંદગી
મારું માનવું છે તે ઇન્શાન હોય છે”

આજે આપણે આંગણે પવિત્ર પ્રસંગ એવા પ્રવેશોત્સવ કાર્યક્રમને શોભાવવા મહેમાનશ્રીઓ પધાર્યા છે તો તેઓના આશીર્વચન આપણને મીઠી વીરડી સમાન છે. તો પોતાના આશીર્વચન પાઠવશે.

**(૧૦)** આભાર વિધિ **:**

"શબ્દોને સાચા સ્વરૂપે પામવા
મૌનને આકાર હોવો જોઈએ
સૌ મિલનનો અંત આવે એ પડે
આંખમાં આભાર હોવો જોઈએ"

તો આજના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ ના આ કાર્યક્રમની આભાર વિધિ જયદેવસાહેબ કરશે. તો તેમને વિનંતી કે આ કાર્યક્રમની આભાર વિધિ કરે.

**(૧૧)** વૃક્ષારોપણ**:**

પર્યાવરણ વિશેની જાગૃતતા કેળવાય તે હેતુસર અને "છોડ માં રણછોડ" જોવાની દષ્ટિ નાના બાળકોમાં બાળપણથી કેળવાય તે હેતુસર કાર્ય સિદ્ધિના ભાગરૂપે શાળાના પટાંગણમાં મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરીએ. તો મહેમાનોને વિનંતી કે તેઓ શાળાના પટાંગણમાં વૃક્ષ વાવેતર કરે.

રાષ્ટ્રગીતનું ગાન **:** તો આપણે સૌ આપણા રાષ્ટ્રને માન આપવા માટે એક સાથે પોતાની જગ્યા ઉપર ઉભા થઈ રાષ્ટ્રગીતનું સમૂહ ગાન કરીશું.

ભારત માતા કી જય"

* આપ સર્વેનો ફરીથી શાળા પરિવાર વતી ખુબ - ખુબ આભાર